ઉદાસી, દુઃખ એ તો બે
લીલા બગીચા વચ્ચેની
કાંટાળી વાડ છે
- ઇટાલીયન કહેવત

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૮) અંક નં. ૩૪૧ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૪, શનિવાર; મહા વદ - ૭ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## NEWS બિટ્સ

**● દર વર્ષે ૩ અબજ લીટર પીવાનુ પાણી બોટલમાં વેચાય છે**



પીવાનુ શુદ્ધ પાણી મેળવવા હવે પેક્ડ વોટર પર આધાર રાખવો પડે છે. બહારગામ જઈએ ત્યારે તો ખાસ પીવાના પાણી માટે પેક્ટ બોટલનો જ આધાર રાખવો પડે છે. વિશ્વમાં દર વર્ષે ૩ અબજ લીટર પાણીનું પ્લાસ્ટિકની બોટલમાં વેચાય છે. સમગ્ર વિશ્વમાં આ રીતે બોટલનું પાણી વેચાય છે.

**● સમગ્ર દેશમાં નેટ ગ્રાહકોની સંખ્યામાં ૭.૩૭ કરોડનો વધારો**

દૂરસંચાર ક્ષેત્રે આવેલ ક્રાંતિના મીઠાફળ સ્વરૂપે સમગ્ર વિશ્વ નાનકડુ બની ગયું છે. ગુજરાત સહિત સમગ્ર દેશમાં ઈન્ટરનેટના ગ્રાહકોની સંખ્યા દિનપ્રતિદિન વધતી



જાય છે. દેશમાં માર્ચ-૨૦૧૩માં ઈન્ટરનેટ સેવાનો ઉપયોગ કરનારા ગ્રાહકોની સંખ્યા ૧૩.૫ કરોડ હતી. જેમાં સતત વધારો થતા એપ્રિલથી ડિસેમ્બર-૨૦૧૩ સુધી ગ્રાહકોની સંખ્યામાં ૭.૩૭ કરોડનો વધારો થયો છે.

# રાજ્યનું રાહત વિનાનુ બજેટ

## રાજ્ય વિધાનસભામાં નાણાંમંત્રી નિતિન પટેલે રાહતો વિનાનું અંદાજપત્ર રજૂ કર્યું : મોંઘવારી પર કાબુ મેળવવા કેન્દ્ર પગલાં લે : પેટ્રોલિયમ પેદાશો પર અન્ય રાજ્યો જેટલો જ વેટ છે : નીતિન પટેલ

ગાંધીનગર, તા. ૨૧
રાજ્યના નાણાંમંત્રીશ્રી નીતિન પટેલે આજે રાજ્ય વિધાનસભાગૃહમાં રાહતો વિનાનું અંદાજપત્ર રજુ કર્યુ છે. નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ માટેના વચગાળાના અંદાજપત્રનું કદ રૂ. ૧,૨૦,૩૯૦ કરોડ છે.



નાણાંમંત્રીશ્રી નીતિન પટેલે આજે ગૃહમાં અંદાજપત્ર રજુ કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે મોંઘવારી પર કાબુ મેળવવાની જવાબદારી કેન્દ્ર સરકારની છે. તેમણે રાજ્યમાં પેટ્રોલિયમ પેદાશોના વેચાણ પરના વેટમાં ઘટાડો કરવાની વિપક્ષની માંગને ફગાવી દેતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં અન્ય રાજ્યોમાં જે વેટના દર છે તે જ દર છે.

● અનુસંધાન પાન-૭ પર



પાટનગરની સોનેરી સાંજ - ગાંધીનગરની સાંજનું આ દશ્ય કેવું રમણિય લાગે છે.... કેવું સ્વર્ણિમ લાગે છે... પ્રકૃતિની અદભૂત રચના માણવા અને પામવા દષ્ટિની આવશ્યકતા છે... સમયની આવશ્યકતા છે... શાંતિની આવશ્યકતા છે... આકાશ સામે જોઈને પાંચ મિનિટ પણ મનને સ્થિર કરી શકાય તો આકાશની દિવ્યતા દષ્ટિના માધ્યમથી મન અને હૃદય સુધી પહોંચે છે... પાટનગર સેક્ટર-૧૧ના મેદાનમાંથી લેવાયેલ આ તસવીર અલૌકિક છે... રોજ સંધ્યા સમયે અવનવી રચનાઓ આકાશમાં સર્જાતી હોય છે... સૂર્યોદય કે સૂર્યાસ્તના પુણ્યકાળે જીવનની દોડધામમાંથી બે-પાંચ મિનિટ કાઢી શકીએ તો પરમતત્વના દર્શનની અનુભૂતિ કરી શકીએ.... (તસવીર સૌજન્ય : હિરેન ભટ્ટ)

# જિલ્લામાંથી એક વર્ષમાં ૧૦૫ બાળકો ગુમ

## ૮૮ બાળકો મળી આવ્યા પરંતુ ૧૭ બાળકોનો હજુ સુધી કોઈ જ પત્તો નથી.!

ગાંધીનગર, તા. ૨૧
ગાંધીનગર જિલ્લામાંથી વર્ષ ૨૦૧૨-૧૩ એટલે કે એક વર્ષમાં ૧૦૫ બાળકો ગુમ થઈ ગયા હોવાનો ચોંકાવનારો આંકડો બહાર આવ્યો છે. ૧૦૫ બાળકોમાંથી ૮૮ બાળકો મળી આવ્યા છે પરંતુ હજુ સુધી ૧૭ બાળકો ક્યાં છે અને શું હાલતમાં છે તેની કોઈ જ માહિતી નથી. મુંબઈ, કલકત્તા જેવી નગરીમાં વધી ગયેલા હ્યુમન ટ્રાફીકીંગના કેસની માફક ગાંધીનગરમાં તો આ કેસ થવા નથી લાગ્યો ને ? તે પણ એક પ્રશ્નાર્થ છે.

મુંબઈ, કલકત્તા જેવી મહાનગરીમાં હ્યુમન ટ્રાફીકીંગના કિસ્સાઓ ખુબ બની રહ્યા છે. તેમાં પણ ખાસ કરીને બાળકોને ઉઠાવી જઈને તેમને અન્ય રાજ્યોમાં વેચી મારવાના બનાવો પણ બને છે ત્યારે ગાંધીનગર જિલ્લામાંથી માત્ર એક જ વર્ષમાં૧૦૫ બાળકો ગુમ થયાના કિસ્સાઓ પોલીસ ચોપડે નોંધાવા પામતા સન્નાટો મચી ગયો છે. ૧૦૫માંથી ૮૮ બાળકો પોલીસને મળી ગયા છે પરંતુ હજુ ૧૭ બાળકોનો કોઈ જ પત્તો નથી. કોઈ તેમને ઉઠાવી ગયુ છે કે અન્ય કોઈ રીતે લાપત્તા થયા છે ? તે પણ બહાર આવી શક્યુ નથી. લાપત્તા ૧૭ બાળકોના સગડ માટે પોલીસ તપાસ ચાલી રહી છે. આ પ્રશ્ન વિધાનસભા ગૃહમાં પણ પુછવામાં આવ્યો હતો.




# તલાટી ભરતી કૌભાંડ મામલે વિપક્ષનો સભાત્યાગ

ગાંધીનગર, તા. ૨૧
તલાટીઓની ભરતીમાં થયેલ કૌભાંડ અંગે સી.બી.આઈ.ની તપાસ આપવાની માંગણી સત્તાપક્ષે ફગાવતા વિપક્ષના સભ્યોએ ગૃહમાં સૂત્રોચ્ચાર કરી ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

વિધાનસભાગૃહમાં આજે કોંગ્રેસના સભ્ય શૈલેષ પરમારે જાહેર તાકીદ અગત્યની બાબત પર સરકારનું ધ્યાન દોર્યું હતું કે રાજ્ય સરકાર દ્વારા તાજેતરમાં યોજાયેલી તલાટીઓની ભરતીની પરીક્ષા સંદર્ભે ઉમેદવારોને પરીક્ષા કેન્દ્રો અંગેની માહિતી ખોટી મળી હતી તેમજ સમયસર મળી ન હતી તેને લીધે અસંખ્ય ઉમેદવારો પરીક્ષા આપવાથી વંચિત રહી જવા પામ્યા છે. તેવી વિગતો આપવામાં આવી છે. આ પરીક્ષામાં પાસ કરાવી આપવાના બહાને એજન્ટો દ્વારા કરોડો રૂપિયા ઉઘરાવવામાં આવ્યા હતા. આ સંજોગોમાં સાચા અને જરૂરિયાતવાળા ઉમેદવારોને અન્યાય થયો હોઈ પરીક્ષા આપવાથી વંચિત રહેલ ઉમેદવારો પુનઃ પરીક્ષા આપી શકે અને એજન્ટો સામે સરકાર દ્વારા શુ પગલા લીધા તેવી વિગતો માંગેલ.

કોંગ્રેસના સભ્ય શૈલેષ પરમારે આ કૌભાંડમાં સંડોવાયેલ વ્યક્તિ કયા પક્ષ સાથે સંકળાયેલ છે અને આ કૌભાંડની તપાસ સી.બી.આઈ.ને સોંપવા માંગો છે કે નહી તેવા પેટા પ્રશ્નો કર્યા હતા.

વિપક્ષના સભ્યની આ માંગણીનો સરકારે અસ્વીકાર કરતાં વિપક્ષના સભ્યોએ સૂત્રોચ્ચાર કરીને હોબાળો મચાવ્યો હતો અને માંગણી ન સ્વીકારાતા વિપક્ષના સભ્યો ગૃહમાંથી વોકઆઉટ કરી ગયા હતા.

# પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા આજે-કાલે પરીક્ષા

## ૩૮ હજાર જેટલા પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે : તંત્ર તૈયારીમાં વ્યસ્ત

ગાંધીનગર, તા.૨૧
જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા શનિવારે અને રવિવારે ચાર જેટલી યોજાનારી સ્પર્ધાત્મક પરીક્ષામાં ૩૭ હજારથી વધુ પરીક્ષાર્થીઓ પરીક્ષા આપશે.

ગાંધીનગર જિલ્લા પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા શનિવારે હાથ ધરાનારી પરીક્ષા માટે ૫૨ શાળાઓની પસંદગી કરવામાં આવી છે. શનિવારે જુનિયર કલાર્ક અને મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુ)ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ માટે ૧૮ હજાર જેટલી અરજીઓ પસંદગી સમિતિને મળી હોવાનું જાણવા મળેલ છે.

આ બંને સંવર્ગની પરીક્ષાઓ અલગ અલગ સમયે યોજવામાં આવશે. જુનિયર કલાર્ક સંવર્ગની પરીક્ષા બપોરે ૧.૩૦ થી ૨.૩૦ દરમિયાન લેવાશે. જયારે મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુરુષ)ની પરીક્ષા બપોરે ૪ થી ૫ દરમિયાન લેવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે રવિવારે તલાટી અને ફિમેલ હેલ્થવર્કરની પરીક્ષા માટે ૬૧ કેન્દ્રો નિયત કરાયા છે. આ પરીક્ષા માટે ૨૦ હજાર જેટલા અરજદારોએ ઉમેદવારી નોંધાવી છે.

આ સ્પર્ધાત્મક પરીક્ષા માટેની તૈયારીઓને આજે મોડી રાત સુધી આખરી ઓપ આપવામાં આવ્યો હતો.

રવિવારની પરીક્ષા પણ બે અલગ અલગ સમયે લેવામાં આવશે. તલાટી સંવર્ગની પરીક્ષા બપોરે ૧.૨૦થી ૨.૩૦ દરમિયાન લેવામાં આવશે જયારે ફિમેલ હેલ્થ વર્કરની પરીક્ષા ૪ થી ૫ દરમિયાન લેવામાં આવશે.

જિલ્લા વિકાસ અધિકારીશ્રી વિકટર મેકવાને આજે અધિકારીઓ સાથે તૈયારીઓની સમીક્ષા પણ કરી હતી.

ગાંધીનગર જિલ્લામાં એક જ સપ્તાહમાં આ બીજીવાર સ્પર્ધાત્મક પરીક્ષાઓ તંત્ર દ્વારા યોજાઈ રહી છે. અગાઉ મહેસૂલ વિભાગ દ્વારા મહેસૂલી તલાટીઓની પરીક્ષા યોજાઈ હતી. હવે પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા પણ આ સ્પર્ધાત્મક પરીક્ષા યોજાઈ રહી હોવાથી તંત્રને રાહતનો શ્વાસ મળ્યો નથી.




